# કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ગોધરા-૩૮૯૦૦૧

---

## " આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"

પર **૨૯ માર્ચ ૨૦૨૫** ના રોજ **મહિલા ઉત્પીડન સમિતિ અને બેસિક એન્જિનિયરિંગ અને એપ્લાઇડ સાયન્સ** વિભાગ દ્વારા પ્રોગ્રામ નું આયોજન, કૃ.ઈ.ટે.કૉ., આ.કૃ.યુ., ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું.

મહિલા ઉત્પીડન સમિતિકૃ.ઈ.ટે.કૉ., આ.કૃ.યુ., ગોધરા હેઠળ તા.૨૯.૦૩.૨૦૨૫ શનિવારના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પ્રયોજિત "ગુજરાતની ૫૦ સક્ષમ મહિલાઓની ગાથા - શક્તિરૂપેણ સંસ્થિતા તેમજ "પડકાર - શોર્ટ ફિલ્મ" નું નિદર્શન યોજવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ ના માર્ગદર્શન હેઠળ શ્રીમતી શેફાલી મોદી(પ્રેસિડિંગ ઓફિસર મહિલા ઉત્પીડન સમિતિ),મદદનીશ પ્રાધ્યાપક,કૃઈટેકો દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ તેમજ કર્મચારી/અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. સદરહુ કાર્યક્રમમાં અત્રેના મહાવિદ્યાલયના આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં ખુબજ ઉપયોગી માહિતી તથા માર્ગદર્શન આપેલ. બી.ઈ.એ.એસ વિભાગ ના વડાશ્રી ડૉ.બ્રિજેશ અમીન એ પણ પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને મહિલાઓની સલામતી અને કાર્યસ્થળ પર તથા ઘરેલું ઉત્પીડન ને સંબોધિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને તે અંગે ના નીતિ નિયમો વિષે ચર્ચા કરી . શ્રીમતી શેફાલી મોદી એમહિલા ઉત્પીડન સમિતિ ના અધિકાર અને કર્યો અંગેની માહિતી આપી.કાર્યક્રમ ના અંતમાં આભાર વિધિ કૉલેજની વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમ જ્ઞાનવર્ધક અને મહિલા ઉત્પીડન સમિતિ માટેના નિયમો અરસપરસ બંન્ને હતો જેણે સહભાગીઓ પર કાયમી છાપ છોડી છે .

**GALLERY**

| | | |
|---|---|---|
|   |   |   |
| | | |